# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/085 Dt. 04/08/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધન્વંતરી એવોર્ડ – માનવતાના પૂજારી એવોર્ડ સમારોહ યોજાયો, દક્ષિણ ગુજરાતના ૭૫ તબીબોનું સન્માન કરાયું

### તબીબી ક્ષેત્રે જાણીતા ડો. વિકાસબેન દેસાઇ, ડો. નિર્મલ ચોરારિયા, ડો. વિનોદ શાહ અને ડો. એસ.કે. મહંતીને લાઇફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૨ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સાંજે ૬:૩૦ કલાકે સેમિનાર હોલ– એ, સરસાણા, સુરત ખાતે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના તબીબો માટે ધન્વંતરી એવોર્ડ – માનવતાના પૂજારી એવોર્ડ સમારોહ યોજાયો હતો, જેમાં ૭૫ તબીબોને તેમની સેવાના માનમાં વિશિષ્ટ રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, તબીબો જીવનરક્ષક કામગીરી કરનાર સમાજના સત્યના યોદ્ધા છે. કોરોનાકાળથી માંડીને તમામ મેડિકલ ચેલેન્જીસ દરમિયાન તેઓએ પોતાના જીવની પરવા કર્યા વિના સેવા આપી છે. ચેમ્બર દ્વારા આ સમારોહ થકી તબીબોનું માત્ર સન્માન નહીં પણ તબીબી ક્ષેત્રે પોતાની સેવા અને કરુણાથી માનવતા માટે અનોખું યોગદાન આપનાર તબીબોને નત મસ્તક નમન કરવામાં આવ્યું હતું. ચેમ્બર દ્વારા સન્માનિત થયેલા તમામ તબીબો માટે 'સેવા પરમો ધર્મ' કહેવું યોગ્ય થશે. આ પ્રસંગે તેમણે લાઇફ ટાઇમ અચિવમેન્ટ એવોર્ડનું સંચાલન પણ કર્યું હતું.

તબીબી ક્ષેત્રે જાણીતા ડો. વિકાસબેન દેસાઇ, ડો. નિર્મલ ચોરારિયા, ડો. વિનોદ શાહ અને ડો. એસ.કે. મહંતીને લાઇફટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. સુરત શહેરમાં ત્રણથી ચાર દાયકાઓથી તેઓએ

આપેલી નિસ્વાર્થ અને અવિરત સેવાઓની વિશેષ નોંધ લેવામાં આવી હતી. તેઓએ તબીબી ક્ષેત્રે સમાજના દરેક વર્ગો સુધી આરોગ્યની સેવા પહોંચાડવાની પ્રતિબદ્ધતા સાથે કાર્ય કર્યું છે. સમાજસેવા અને વ્યાવસાયિક ઈમાનદારીના આધાર પર આજે તેઓ તમામ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કાર્યવાહક માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા, ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ વર્કર કમિટીના ચેરમેન ડો. જગદિશ વઘાસિયા, ગૃપ ચેરમેનો શ્રી રાકેશ ગાંધી અને શ્રી શૈલેષ દેસાઇ, ચેમ્બરની એવોર્ડ્સ એન્ડ રેકગ્નીશન કમિટીના ચેરમેન શ્રી મનિષ માલી, તબીબી મિત્રો અને સભ્યો ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરની પબ્લીક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઇન્ડસ્ટ્રીયલ હેલ્થ વર્કર કમિટીના ચેરમેન ડો. જગદિશ વઘાસિયાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માની સમારોહનું સમાપન કર્યું હતું. આ સમારોહમાં શ્રી પારૂલ સોસા, શ્રીમતી સ્નેહા જરીવાલા, ડો. રિન્કલ જરીવાલા, શ્રીમતી મંજરી દેસાઇ અને શ્રી અંકિતા વાલંદે અનુક્રમે ધન્વંતરી એવોર્ડ – પાર્ટ ૧, પાર્ટ ૨, પાર્ટ ૩, પાર્ટ ૪ અને પાર્ટ ૫નું સંચાલન કર્યું હતું.